ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેકસ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૬-૪-૨૦૨૩

- **અટલબ્રિજનું ક્ષતિગ્રસ્ત થવું એ સત્તાધીશોની ગુનાહિત બેદરકારી છે : હેમાંગ રાવલ**

તાજેતરમાં નવા બનેલા અટલબિજ ક્ષતિગ્રસ્ત થયાના સમાચાર છે. અટલ બ્રિજમાં જ્યાં લોકો ચાલે છે તે કાચનો સ્લેબ તૂટી ગયો છે અને તેને બેરીકેટથી કવર કરી દેવામાં આવ્યો છે અને એક મોટી દુર્ઘટના થતા અટકી છે.

આ બ્રિજ જ્યારે જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો એ સમયગાળામાં જ મોરબી દુર્ઘટના બની હતી અને કોંગ્રેસ દ્વારા અટલ બ્રિજના ફિટનેસ સર્ટિફિકેટની માગણી કરવામાં આવી હતી પરંતુ આજ સુધી ભારતીય જનતા પાર્ટીના સત્તાધીશો એ અટલ બ્રિજનું ફિટનેસ સર્ટિફિકેટ રજુ નથી કર્યું અને અને આ પ્રકારની ગુનાહિત બેદરકારી બદલ જવાબદારોને તાત્કાલિક સજા થવી જોઈએ.

કોંગ્રેસ પક્ષ ફરી એકવાર સત્તાધીશો પાસે અટલ બ્રિજના ફિટનેસ સર્ટિફિકેટની માંગણી કરે છે અને ગુજરાત સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં જેટલા પ્રોજેક્ટનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું છે તેનું સેફ્ટી ઓડીટ અને ફાયનાન્સીયલ ઓડીટ કરવામાં આવે અને જો ફિટનેસ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય તો ગુજરાતની જનતાની સુરક્ષા માટે આ પ્રોજેક્ટ સત્વરે બંધ કરી દેવામાં આવે.

હેમાંગ રાવલ
મીડીયા કોકન્વીનર, પ્રવક્તા
મો. 9898233038